પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-03-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : Wednesday** **National News**

**આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.**

*************************************************

1. **લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને હટાવવાની વિરોધ પક્ષની માગના પ્રસ્તાવને ગૃહમાં ધ્વનિમતથી ફગાવાયો.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે તમિળનાડુમાં પાંચ હજાર 650 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાઓનું ખાતમુહૂર્ત.**
3. **કેરલમ-માં NDAના સંમેલનને સંબોધતા પ્રધાનમંત્રીએ પશ્ચિમ એશિયામાં ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું આશ્વાસન આપ્યું.**
4. **છત્તીસગઢમાં 44 મહિલા સહિત 108 માઓવાદીનું આત્મસમર્પણ.**
5. **ક્રિકેટમાં, ઢાકામાં રમાયેલી ત્રણ મેચની શ્રેણીની પહેલી વન-ડે મેચમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને હરાવ્યું.**

.....................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

**MID BREAK- NEWS- NATIONAL**

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

------------------------------------------------------------------------

**EVE LS RESOLUTION OM BIRLA**

**લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને હટાવવાની વિરોધ પક્ષની માગના પ્રસ્તાવને આજે ગૃહમાં ધ્વનિમતથી ફગાવી દેવાયો.**

**ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લોકસભાના અધ્યક્ષને હટાવવાની માગ કરતા વિરોધ પક્ષના પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપ્યો હતો. તેમણે વિરોધ પક્ષ દ્વારા લોકસભાના અધ્યક્ષની નિષ્ઠા પર ઉઠાવાયેલા પ્રશ્નને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા કહ્યું, લગભગ ચાર દાયકા બાદ લોકસભા અધ્યક્ષ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ લવાયો છે.**

**(BYTE: AMIT SHAH, HOME MINISTER) - SPEAKER**

**શ્રી શાહે વધુમાં કહ્યું, લોકસભા અધ્યક્ષ કોઈ રાજકીય દળના નહીં, પણ ગૃહના છે.**

આ પહેલા ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદે આ પ્રસ્તાવ અંગે કેટલાક વિરોધ પક્ષના દળના નેતાઓ પર પ્રહાર કર્યા હતા. તેમની આ ટિપ્પણીનો જવાબ આપતા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ તેમને ઘણી વખત ગૃહમાં બોલતા રોકવામાં આવ્યા હોવાનું જણાવ્યું .

**EVE PM THIRUCHIRAPALLI VISIT**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે તમિળનાડુના તિરુચિરા-પલ્લીમાં અનેક પરિયોજનાઓનું લોકાર્પણ અને પાંચ હજાર 650 કરોડ રૂપિયાથી વધુની વિકાસ પરિયોજનાનું ખાતમુહૂર્ત કર્યું. પ્રધાનમંત્રીએ પાંચ નવી રેલવે સેવાઓનું પણ ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું. શ્રી મોદીએ નીલગિરિ અને ઈરોડ જિલ્લામાં ભારત પેંટ્રોલિયમ નિગમ લિમિટેડના સિટી ગેસ વિતરણ નેંટવર્કનું પણ ખાતમુહૂર્ત કર્યું.

શ્રી મોદીએ ચેન્નઈના મનાલીમાં એક હજાર 490 કરોડ રૂપિયાના રોકાણથી તૈયાર થનારા લ્યૂબ બ્લેંડિંગ પ્લાન્ટનું પણ લોકાર્પણ કર્યું. ઇન્ડિયન ઑઇલ કૉર્પોરેશનના આ પ્લાન્ટની ક્ષમતા 672 મેટ્રિક ટન પ્રતિવર્ષની છે. પ્રધાનમંત્રીએ કહ્યું, આજનો કાર્યક્રમ તમિળનાડુના ભવિષ્ય માટે મહત્વનો છે. તેમણે કહ્યું, આ પરિયોજનાઓ માળખાકીય સુવિધા, સ્વચ્છ ઉર્જા, પેંટ્રોલિયમથી સંબંધિત ઉત્પાદન, રાજમાર્ગો, રેલવે અને ગ્રામ્ય માર્ગ સાતે સંબંધિત છે. આ પરિયોજનાઓથી ઉર્જાની ઉપલબ્ધતા વધશે, સંપર્ક વધુ સારા બનશે અને તમિળનાડુના યુવાનો માટે હજારો રોજગારીનું સર્જન થશે

**REV PM KOCHI VISIT**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેરલમ્-ના કોચ્ચીમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDAના સંમેલનને સંબોધતા કહ્યું, કેરળની ભૌગોલિક સ્થિતિ, આબોહવા અને તકનીકી પરિસ્થિતિઓ તેને લગ્ન અને સંમેલનો માટે શ્રેષ્ઠ સ્થળ બનાવે છે. શ્રી મોદીએ કહ્યું, રાજ્યમાં પ્રવાસન, પ્રતિભા અને ટૅક્નોલૉજી ક્ષેત્રમાં નવી તક પૂરી પડાશે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) SEAWEED

પ્રધાનમંત્રીએ પશ્ચિમ એશિયામાં ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનું પણ આશ્વાસન આપ્યું.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) WEST ASIA

**PM ERNAKULAM**

પ્રધાનમંત્રીએ નરેન્દ્ર મોદીએ આજે કેરલમ્-ના એર્નાકુલમ-માં 11 હજાર કરોડ રૂપિયાની વિવિધ વિકાસ પરિયોજનાઓનો શુભારંભ કરાવ્યો. શ્રી મોદીએ ભારત પૅટ્રોલિયમ નિગમ લિમિટેડની કોચ્ચી રિફાઈનરીમાં પાંચ હજાર 500 કરોડ રૂપિયાથી વધુના રોકાણથી તૈયાર થનારા પૉલી–પ્રોપીલિન એકમનું ખાતમુહૂર્ત કર્યું. તેની ક્ષમતા 400 કિલો ટન પ્રતિવર્ષની છે.

પૉલી–પ્રોપલિન પેકેજિંગ, ઑટોમોટિવ ઘટકો, આરોગ્ય ઉપકરણો, વસ્ત્રો અને ઘરેલું ચીજવસ્તુઓમાં ઉપયોગમાં લેવાતી આવશ્યક સામગ્રી છે. પ્રધાનમંત્રીએ બે મુખ્ય રાજમાર્ગ પરિયોજનાનું પણ ઉદ્ઘાટન કર્યું.

**EVE CHHATTISGARH MAOISTS**

છત્તીસગઢના જગદલપુરમાં આજે 44 મહિલા સહિત 108 માઓવાદીએ આત્મસમર્પણ કર્યું. બસ્તર વિભાગના વિવિધ જિલ્લામાં સક્રિય આ માઓવાદીઓ પર ત્રણ કરોડ 29 લાખ રૂપિયાનું ઈનામ હતું.

આત્મસમર્પણ કરનારા માઓવાદીઓની માહિતીના આધારે પોલીસે વિવિધ સ્થળ પરથી સાત એ.કે.-47 રાયફલ, ચાર લાઈટ મશીનગન, 11 ગ્રેનેડ લૉન્ચર જેવા હથિયાર જપ્ત કર્યા છે. ઉપરાંત અંદાજે ત્રણ કરોડ 60 લાખ રૂપિયાની રોકડ અને એક કિલો સોનું પણ કબજે કરાયું છે.

ઉલ્લેખનીય છે કે, પહેલી જાન્યુઆરી 2024થી અત્યાર સુધી બસ્તર વિભાગમાં કુલ બે હજાર 625 માઓવાદી આત્મસમર્પણ કર્યા બાદ સમાજની મુખ્યધારામાં સામેલ થયા છે.

**SC EUTHANASIA**

સર્વોચ્ચ અદાલતે પહેલી વાર 32 વર્ષના એક વ્યક્તિને નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની મંજૂરી આપી છે. અદાલતે ગત 12 વર્ષથી પણ વધુ સમયથી કોમા-માં રહેલા હરીશ રાણાના કૃત્રિમ જીવન રક્ષક યંત્રને હટાવવાની મંજૂરી આપી છે. ગાઝિયાબાદમાં રહેતા પંજાબ વિશ્વ-વિદ્યાલયના વિદ્યાર્થી હરીશ રાણા વર્ષ 2013માં પેઈન્ગ ગેસ્ટના ચોથા માળથી પડી જતાં તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી. ત્યારથી તેઓ કોમામાં છે.

હરીશ રાણાના પરિવારની રિટ અરજી પર સુનાવણી કરતા સર્વોચ્ચ અદાલતે તેમના માતા-પિતાને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. અદાલતે ઍઇમ્સના તબીબોના ગૌણ ચિકિત્સા બૉર્ડના અહેવાલનું અવલોકન કરતા તેને દુઃખદ ગણાવ્યું હતું. ન્યાયમૂર્તિ જે. બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ કે. વી. વિશ્વનાથનની પીઠે દિલ્હી ઍઇમ્સ-ને હરીશ રાણાની સારવાર બંધ કરી શકાય તે માટે તેમને ઉપશામક સંભાળ એકમ - PCUમાં દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

**BANGLADESH PAK CRICKET**

ક્રિકેટમાં, બાંગ્લાદેશના ઢાકામાં રમાયેલી ત્રણ મેચની શ્રેણીની પહેલી વન-ડે મૅચમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને આઠ વિકેટથી હરાવ્યું. બાંગ્લાદેશે ટોસ જીતીને પહેલા બોલિંગ કરતા પાકિસ્તાનની ટીમ 30.4 ઑવરમાં માત્ર 114 રન પર આઉટ થઈ હતી. ટીમ તરફથી એક પણ ખેલાડી 40થી ઉપર રન ન બનાવી શક્યા.

જવાબમાં બાંગ્લાદેશે 15.1 ઑવરમાં બે વિકેટ ગુમાવી 115 રન બનાવી મેચ જીતી લીધી. ટીમ તરફથી તનઝીદ હસન તમિમે સૌથી વધુ અણનમ 67 રન બનાવ્યા.

**BPL- LPG AAPURTI**

ભારત પેટ્રોલિયમ નિગમ લિમિટેડે સરકારે રસોઈ ગેસની સરળ અને અવિરત આયાત સુનિશ્ચિત કરવા તમામ પ્રયાસો કરી રહી હોવાની ખાતરી આપી.. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં કંપનીએ જણાવ્યું હતું કે વર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિ અને આયાતને અસર કરતી નાકાબંધીને કારણે, રસોઈ ગેસનું વ્યાપક વિતરણ સુનિશ્ચિત કરવા માટે ઉપલબ્ધ પુરવઠાને કાળજીપૂર્વક નિયંત્રિત કરવામાં આવી રહ્યું છે.

## GUJARAT GAS SUPPLY

ગુજરાત સરકારે વૈશ્વિક પડકારો વચ્ચે લોકોને સતત ઉર્જા પૂરવઠાનો પૂરો પાડવાની ખાતરી આપી છે. રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ પત્રકારોને માહિતી આપતા કેબિનેટ મંત્રી જિતુ વાઘાણીએ લોકોને અફવા અને ખોટી માહિતીથી સાવચેત રહેવા અપીલ કરી છે. તેમણે કહ્યું, LPGના કાળાબજાર અને સંગ્રહખોરીમાં સામેલ કોઈ પણ વ્યક્તિ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરાશે.

શ્રી વાઘાણીએ કહ્યું, પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ગુજરાતમાં ગૅસ સંશાધનોનું સંચાલન કરવા મુખ્યસચિવના નેતૃત્વમાં એક વિશેષ સમિતિ બનાવાઈ છે. તેમણે કહ્યું કે, વાણિજ્યિક એકમોને તેમના જરૂરી પૂરવઠાના 80 ટકા પ્રાપ્ત થશે, પરંતુ પરંતુ સામાન્ય લોકો માટે કોઈ અછત નથી.

## LS AI TOYS

કેન્દ્રીય ઇલેટ્રૉનિક્સ તથા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. દ્વારા નિયંત્રિત રમકડા બાળકો માટે ગંભીર જોખમ સર્જી શકે છે. તેમણે કહ્યું, ગ્રાહક બાબતો અને ગૃહ મંત્રાલય દ્વારે તેને નિયંત્રિત કરવા જરૂરી પગલાં લેવાઈ રહ્યા છે.

લોકસભામાં આજે પૂરક પ્રશ્નોનો જવાબ આપતા શ્રી વૈષ્ણવે કહ્યું, તમામ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ પર બાળકોની સુરક્ષા, મહિલાઓની સુરક્ષા અને ભ્રામક જાહેરાતોથી રક્ષણ ઘણું મહત્વનું છે. તેમણે કહ્યું, ડિજિટલ પ્લેટફૉર્મ પર બાળકો સહિત લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પગલા લેવાઈ રહ્યા છે.

શ્રી વૈષ્ણવે નિશિકાન્ત દુબેની અધ્યક્ષતા હેઠળની સંચાર અને માહિતી–ટૅક્નોલૉજી સંબંધિત સંસદીય સ્થાયી સમિતિએ બાળકો સહિત નાગરિકોની સુરક્ષા પર વ્યાપક અધ્યયન કરાયું હોવાનું પણ જણાવ્યું હતું.

ગઈકાલે, મંત્રાલયની સલાહકાર સમિતિની બેઠકમાં નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે લેવાનારા નવા પગલા પર સર્વસંમતિ દર્શાવવામાં આવી હતી.

## CYBER FRAUD RS

સરકારે જણાવ્યું, 24 લાખથી વધુ સાયબર છેતરપિંડીની ફરિયાદમાં આઠ હજાર 600 કરોડ રૂપિયાથી વધુની રકમ બચાવવામાં આવી છે. રાજ્યસભામાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમારે કહ્યું, આ વર્ષે 31 જાન્યુઆરી સુધી વિવિધ બૅન્કમાંથી 23 લાખથી વધુ શંકાસ્પદ ઓળખકર્તા ડેટા મળ્યો છે. તેમણે કહ્યું, સમન્વય પ્લેટફૉર્મની મદદથી 21 હજારથી વધુ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. સાયબર તપાસમાં મદદ માટે એક લાખ 49 હજારથી વધુ અરજી પણ મળી હોવાનું શ્રી કુમારે ઉમેર્યું.

## WEATHER FORECAST

હવામાન વિભાગે જમ્મુ–કશ્મીરમાં આવતીકાલ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે શનિવારે આસામ અને મેઘાલયમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા હોવાનું જણાવ્યું છે. બીજી તરફ પશ્ચિમ રાજસ્થાન, વિદર્ભ, ઉત્તર કોંકણ અને ગુજરાતમાં આવતીકાલ સુધી ગરમીનું મોજું રહેવાની આગાહી કરી છે.

ગુજરાતમાં પણ સરહદી જિલ્લા કચ્છમાં અત્યારથી જ આકરી ગરમી પડી રહી છે. હવામાન વિભાગે ગુરુવાર સુધી મહત્તમા તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની આગાહી કરી છે. તેને જોતા આવતીકાલ માટે યલો અલર્ટ જાહેર કરાયું છે. સાથે જ લોકોને પણ સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.